સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 18

[APR/MAY - 2020]
[26/04/20 to 02/05/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


ICE®

MIRACLES
EXCLUSIVE CLASS 1/2

VOLUME 1

15 to 30 APR 2020

Click Here To
DOWNLOAD

## CURRENT TOPICS

- ભારતના નવા CVC તરીકે શ્રી સંજય કોઠારીની નિમણૂક
- કોરોના મહામારી દરમિયાન પત્રકારોને વીમા કવચ આપનાર હરિયાણા ભારતનું પ્રથમ રાજ્ય બન્યું
- કોરોનાથી સર્જાયેલા આર્થિક સંકટને હળવું કરવા RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રૂ. 50,000 કરોડના સ્પેશિયલ પેકેજની જાહેરાત
- United Nationsમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ટી. એસ. તિરુમૂર્તિની નિમણૂક
- સૌથી વધુ સંરક્ષણ ખર્ચ કરતા દેશોની યાદીમાં ભારત સૌપ્રથમ વખત ત્રીજા ક્રમે
- ગુજરાતના પ્રસિદ્ધ મહિલા સાહિત્યકાર સુશ્રી કુંદનિકા કાપડિયાનું ધરમપુરના નંદીગ્રામમાં નિધન


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**26 APRIL, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day)

આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપદાના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.




- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ 'Innovate for a Green Future' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતના નવા CVC તરીકે શ્રી સંજય કોઠારીની નિમણૂક

ભારતના નવા Chief Vigilance Commissioner (CVC) તરીકે અથવા તો Central Vigilance Commission (CVC)ના વડા તરીકે શ્રી સંજય કોઠારીની નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે શ્રી સંજય કોઠારીને ચીફ વિજિલન્સ કમિશનર તરીકેના શપથ અપાવ્યા હતા.

### શ્રી સંજય કોઠારી

શ્રી સંજય કોઠારી 1978ની બેચના હરિયાણા કેડરના IAS ઓફિસર છે.



- આ અગાઉ તેઓ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના સચિવ તરીકે ફરજ બજાવતા હતા.
- ભારતમાં જૂન 2019માં શ્રી કે. વી. ચૌધરીની નિવૃત્તિ બાદ ચીફ વિજિલન્સ કમિશનરનું પદ ખાલી થયું હતું.
- આથી, ભારતમાં CVCના કાર્યકારી અધ્યક્ષ તરીકે શ્રી શરદ કુમારની નિમણૂક કરવામાં આવી હતી.
- CVCના નવા અધ્યક્ષ તરીકે શ્રી સંજય કોઠારીએ CVCના કાર્યકારી અધ્યક્ષ શ્રી શરદ કુમારનું સ્થાન લીધું છે.

**નોંધ :** (1) વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતા વાળી ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણને આધારે રાષ્ટ્રપતિ દ્વારા શ્રી સંજય કોઠારીની CVCના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

(2) જોકે, કોંગ્રેસ દ્વારા શ્રી સંજય કોઠારીની નિમણૂકનો વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસનો આરોપ છે કે શ્રી સંજય કોઠારીની નિમણૂક 'ગેરકાયદેસર અને ગેરબંધારણીય' રીતે કરવામાં આવી છે.

## Central Vigilance Commission

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ ભારત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ સંબંધિત **ભ્રષ્ટાચાર**ને નિયંત્રિત કરતી **ભારતની સર્વોચ્ચ સંસ્થા** છે.

- **શ્રી કે. સંથાનમ સમિતિ**ની ભલામણથી ભારતમાં **11 ફેબ્રુઆરી, 1964**ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- CVCએ ભારતની **વૈધાનિક** દરજ્જો ધરાવતી સંસ્થા છે.
- વર્ષ **2003**માં સંસદમાં એક એક્ટ પસાર કરીને આ સંસ્થાને **વૈધાનિક દરજ્જો** આપવામાં આવ્યો હતો.

## CVCના સભ્યો

સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના સભ્યોમાં **એક અધ્યક્ષ** અને અન્ય **બે સભ્યો**નો સમાવેશ થાય છે.

- એટલે કે **એક ચીફ વિજિલન્સ કમિશનર** અને અન્ય **બે વિજિલન્સ કમિશનર**નો સમાવેશ થાય છે.

## CVCના સભ્યોની નિમણૂક

ભારતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના અધ્યક્ષ તથા સભ્યોની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા **ત્રણ સભ્યોની એક સમિતિની ભલામણથી** કરવામાં આવે છે.

- આ સમિતિના **ત્રણ સભ્યો**માં નીચેના વ્યક્તિઓનો સમાવેશ થાય છે :

  (1) ભારતના વડાપ્રધાન

  (2) ભારતના ગૃહમંત્રી અને

  (3) લોકસભાના વિરોધ પક્ષના નેતા

  જેમાં ભારતના **વડાપ્રધાન** આ સમિતિના **અધ્યક્ષ** હોય છે.

## CVCના સભ્યોનો કાર્યકાળ

ભારતમાં CVCના અધ્યક્ષ તથા સભ્યોનો કાર્યકાળ **4 વર્ષ અથવા તો 65 વર્ષ** એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કાર્યકાળ પૂરો થયા બાદ CVCના અધ્યક્ષ કે સભ્યો કેન્દ્ર અથવા તો રાજ્ય સરકારના કોઈ પદ પર હોદ્દો સંભાળી શકતા નથી.

**નોંધ :** (1) ભારતમાં ચીફ વિજિલન્સ કમિશનરનો પગાર UPSCના અધ્યક્ષ જેટલો જ હોય છે.

(2) ભારતના પ્રથમ ચીફ વિજિલન્સ કમિશનર શ્રી એન. એસ. રાવ (Shri Nittoor Srinivasa Rau) હતા.

(3) શ્રી સંજય કોઠારીના સ્થાને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના નવા સચિવ તરીકે શ્રી કપિલ દેવ ત્રિપાઠીની નિમણૂક કરવામાં આવી છે.





SPECIAL ISSUE
$360^0$ વિશ્લેષણ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

CORONA VIRUS
SP. ISSUE
ડાઉનલોડ કરવા
અહીં કલિક કરો

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

## ➤ રસાયણ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ ભારતમાં પ્રથમ વખત સૌથી વધુ નિકાસ કરનાર ક્ષેત્ર બન્યું

એપ્રિલ 2019થી જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં રસાયણ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ દ્વારા રૂ. 2.68 લાખ કરોડની નિકાસ કરવામાં આવી છે.

- જે ભારતના અન્ય ક્ષેત્રો દ્વારા કરવામાં આવેલી નિકાસ કરતા વધારે છે.
- આથી, રસાયણ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ ભારતમાં પ્રથમ વખત સૌથી વધુ નિકાસ કરનાર ક્ષેત્ર બની ગયું છે.
- એપ્રિલ 2019થી જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં રસાયણ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગની નિકાસમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનાએ 7.43 ટકાનો વધારો થયો છે.

**નોંધ :** (1) એપ્રિલ 2019થી જાન્યુઆરી 2020 દરમિયાન થયેલી ભારતની કુલ નિકાસમાં રસાયણ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગનો હિસ્સો 14.35 ટકા છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારના વર્તમાન (26 એપ્રિલ, 2020ની સ્થિતિએ) રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડી. વી સદાનંદ ગૌડા છે.

### ICE Questions

1. ‘વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ — **(C)**

2. વર્ષ 2020ની ‘વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ’ની થીમ શું છે ?
   (A) Innovate for a Green Future
   (B) Innovate for a Golden Future
   (C) Innovate for a Bright Future
   (D) ત્રણમાંથી કોઈ નહિ — **(A)**

3. ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી કે. વી. ચૌધરી (B) શ્રી સંજય કોઠારી
   (C) શ્રી શરદ કુમાર (D) શ્રી કપિલ દેવ ત્રિપાઠી — **(B)**

4. ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર (CVC) તરીકે શ્રી સંજય કોઠારીને કોણે શપથ અપાવ્યા છે ?
   (A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
   (C) શ્રી શરદ બોબડે (D) તેમને શપથ લેવાના હોતા નથી — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના કયા કાર્યકારી અધ્યક્ષના સ્થાને શ્રી સંજય કોઠારીની CVCના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી કે. વી. ચૌધરી (B) શ્રી સરન રાય
(C) શ્રી મનોજ પાઠક (D) શ્રી શરદ કુમાર (D)

6. શ્રી સંજય કોઠારીની ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર (CVC) તરીકે નિમણૂક કરવામાં આવી છે...શ્રી સંજય કોઠારી કઈ કેડરના 1978ની બેચના IAS અધિકારી છે ?
(A) પંજાબ (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ (B)

7. ભારતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે ભારતમાં સરકારી કર્મીઓના ભ્રષ્ટાચાર સંબંધિત ભારતની સર્વોચ્ચ સંસ્થા છે.
2. તે એક વૈધાનિક સંસ્થા છે.
3. શ્રી એમ. વેંકટેશ સમિતિની ભલામણથી 1964માં તેની સ્થાપના થઈ હતી.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 (B)

8. ભારતમાં CVCના સભ્યોમાં કોનો સમાવેશ થાય છે ?
(A) એક અધ્યક્ષ અને એક સભ્ય (B) એક અધ્યક્ષ અને બે સભ્ય
(C) એક અધ્યક્ષ અને ત્રણ સભ્ય (D) એક અધ્યક્ષ અને ચાર સભ્ય (B)

9. ભારતમાં CVCના સભ્યોની નિમણૂકના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણથી રાષ્ટ્રપતિ દ્વારા તેમની નિમણૂક કરવામાં આવે છે.
2. તેમની નિમણૂક માટેની સમિતિના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે.
3. તેમની નિમણૂક માટેની સમિતિમાં વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી અને લોકસભાના વિરોધ પક્ષના નેતાનો સમાવેશ થાય છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1 (B)

10. ભારતમાં CVCના અધ્યક્ષ તથા સભ્યોનો કાર્યકાળ કેટલો હોય છે ?
(A) 4 વર્ષ અથવા તો 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(B) 4 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(C) 5 વર્ષ અથવા તો 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(D) 5 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ભારતના પ્રથમ ચીફ વિજિલન્સ કમિશનર (CVC) કોણ હતા ?
(A) શ્રી એસ. આર. રાવ (B) શ્રી એસ. એન. રાવ
(C) શ્રી એન. એસ. રાવ (D) શ્રી આર. એસ. રાવ **(C)**

12. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના નવા સચિવ તરીકે શ્રી સંજય કોઠારીના સ્થાને કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી કપિલ દેવ ચૌધરી (B) શ્રી કપિલ દેવ પાઠક
(C) શ્રી કપિલ દેવ શર્મા (D) શ્રી કપિલ દેવ ત્રિપાઠી **(D)**

13. એપ્રિલ 2019થી જાન્યુઆરી 2020 દરમિયાન કયો ઉદ્યોગ ભારતમાં પ્રથમ વખત સૌથી વધુ નિકાસ કરનાર ક્ષેત્ર બની ગયો છે ?
(A) રસાયણ અને આયર્ન (B) રસાયણ અને ટેકસટાઈલ્સ
(C) રસાયણ અને પેટ્રોકેમિકલ્સ (D) રસાયણ અને એગ્રિકલ્ચર **(C)**

**27 APRIL, 2020 MONDAY**

## ➤ ભારતમાં પ્રાયોગિક ધોરણે સૌપ્રથમ વખત લેહ અને નવી દિલ્હીમાં હાઈડ્રોજન આધારિત વાહનોનો ઉપયોગ શરૂ કરવામાં આવશે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

NTPC દ્વારા ભારતમાં પ્રાયોગિક ધોરણે સૌપ્રથમ વખત લેહ અને નવી દિલ્હીમાં હાઈડ્રોજન આધારિત વાહનોનો ઉપયોગ શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે.

- આ અંતર્ગત NTPC દ્વારા લેહ અને નવી દિલ્હી માટે હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત 10 ઈલેક્ટ્રીક બસો અને 10 ઈલેક્ટ્રીક કારોની ખરીદી કરવામાં આવશે.
- આ માટે વૈશ્વિક અભિરુચિ પત્ર (Expression Of Interest-EOI) મંગાવવામાં આવ્યા છે.
- NTPCની આ પહેલને ભારત સરકારના નવીન અને અક્ષય ઊર્જા મંત્રાલયનું પણ સમર્થન મળ્યું છે.

### આ યોજનાનો ઉદ્દેશ

ભારતમાં હાઈડ્રોજનથી ચાલતા વાહનો શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં પરિવહન ક્ષેત્રમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો છે.

## NTPC

NTPCનું પૂરું નામ National Thermal Power Corporation છે.

- NTPC Limited એ ભારતની સૌથી મોટી વીજ ઉત્પાદક કંપની છે.
- તે કેન્દ્ર સરકારની માલિકીનું એક જાહેર સાહસ છે. જે ભારત સરકારના ઊર્જા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તેની સ્થાપના 1975માં થઈ હતી.
- તેનું વડુ મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

## ➢ ભારતમાં જંતુમુક્ત ડિસ્પોઝેબલ માસ્ક બનાવવા ઓર્ગેનિક-ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગના ઉત્પાદનને DSTનું સમર્થન

COVID-19નો સામનો કરવા માટે જેની સપાટી જંતુમુક્ત રહી શકે તેવા ડિસ્પોઝેબલ માસ્ક બનાવવા માટે જ્યોતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, બેંગાલુરુના ડો. વિશ્વનાથ આર. દ્વારા એક ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે.

- આ માટે ડો. વિશ્વનાથે Sol-Gel નેનો ટેક્નોલોજીના ઉપયોગથી 'ઓર્ગેનિક-ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગ'નું નિર્માણ કર્યું છે.
- આ 'ઓર્ગેનિક–ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગ'ની મદદથી માસ્કની સપાટીને જંતુમુક્ત રાખી શકાશે.
- જેથી, COVID-19નો સામનો કરવામાં મદદ મળશે.
- ભારત સરકારના Department of Science and Technology (DST) વિભાગ દ્વારા 'ઓર્ગેનિક–ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગ'નું મોટા પાયે ઉત્પાદન કરવા માટે સમર્થન આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** ભારત સરકારના Department of Science and Technology (DST)ના Nano Mission અંતર્ગત ડો. વિશ્વનાથ દ્વારા આ ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે.

## ➢ કોરોના મહામારી દરમિયાન પત્રકારોને વીમા કવચ આપનાર હરિયાણા ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે કોરોના મહામારી દરમિયાન હરિયાણામાં પત્રકારોને વીમા કવચ આપવાની જાહેરાત કરી છે.

- આ સાથે જ હરિયાણા કોરોના મહામારી દરમિયાન પત્રકારોને વીમા કવચ આપનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
- આ અંતર્ગત હરિયાણામાં નોંધાયેલા પત્રકાર અથવા તો કોરોનાના કવરેજ સાથે સંકળાયેલ પત્રકારના કોરોનાના કારણે મૃત્યુના કિસ્સામાં રૂ. 10 લાખની સહાય આપવામાં આવશે.

## ➤ અમેરિકાની 'પૌલ એન્ડ ડેઈઝી સોરોસ ફેલોશિપ' માટે અમદાવાદની સુશ્રી રીના શાહની પસંદગી

**અમેરિકા**માં **'પૌલ એન્ડ ડેઈઝી સોરોસ ફેલોશિપ'** માટે આવેલી **2211** અરજીઓમાંથી કુલ **30** વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

- જેમાં ગુજરાતના **અમદાવાદ**ની **સુશ્રી રીના શાહ** સહિત કુલ **7 અમેરિકન ભારતીય વિદ્યાર્થીઓ**ની પસંદગી કરવામાં આવી છે.
- આ ફેલોશિપ અંતર્ગત પસંદગી પામેલ વિદ્યાર્થીને તેમનો **સ્નાતક અભ્યાસક્રમ** પૂરો કરવા માટે **બે વર્ષ**માં **90,000 ડોલર**ની સહાય આપવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાંથી ઈમીગ્રન્ટસ અને શરણાર્થીઓ તરીકે અમેરિકામાં આવીને વસેલા લોકોની સિદ્ધિઓ અને યોગદાનને બિરદાવવા માટે આ ફેલોશિપ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


# ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

# દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

“ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
“ICE DAILY DOSE” ”




ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહીં કલિક કરો

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એડિશનલ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા શ્રી એ. કે. શર્માની MSME મંત્રાલયમાં સચિવ તરીકે નિમણૂક



26 એપ્રિલ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 20થી વધુ ઉચ્ચ સનદી અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાત કેડરના IAS ઓફિસર **શ્રી એ. કે. શર્મા**ની **MSME મંત્રાલય**માં **સચિવ** તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- આ અગાઉ **શ્રી એ. કે. શર્મા (અથવા તો શ્રી અરવિંદ કુમાર શર્મા)** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના **એડિશનલ સેક્રેટરી** તરીકે ફરજ બજાવતા હતા.
- હવે તેમની નિમણૂક **MSME મંત્રાલયમાં સચિવ** તરીકે કરવામાં આવી છે.
- આ ઉપરાંત **ગુજરાત** કેડરના અન્ય અધિકારી **શ્રી આર. પી. ગુપ્તા**ની ભારત સરકારના **વન, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલયના સચિવ** તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ અગાઉ તેઓ **નીતિ આયોગ**માં **સ્પેશિયલ સેક્રેટરી** તરીકે ફરજ બજાવતા હતા.
- જ્યારે ગુજરાત કેડરના મહિલા ઓફિસર **સુશ્રી અનિતા કરવાલ**ની ભારત સરકારના **સ્કૂલ એજ્યુકેશન અને સાક્ષરતા વિભાગમાં સચિવ** તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ અગાઉ તેઓ **CBSEના અધ્યક્ષ** તરીકે ફરજ બજાવતાં હતાં.
- **કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય**માં **એડિશનલ સેક્રેટરી** તરીકે ફરજ બજાવતા **ગુજરાત** કેડરના **શ્રી બી. બી. સ્વૈન**ને પ્રમોશન આપીને એ જ મંત્રાલયમાં **સ્પેશિયલ સેક્રેટરી** બનાવવામાં આવ્યા છે.

### તાજેતરમાં નવી નિમણૂક

| ક્રમ | ગુજરાત કેડરના અધિકારી | પદ |
|---|---|---|
| 1 | શ્રી એ. કે. શર્મા | MSME મંત્રાલયમાં સચિવ |
| 2 | શ્રી આર. પી. ગુપ્તા | વન, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલયના સચિવ |
| 3 | સુશ્રી અનિતા કરવાલ | સ્કૂલ એજ્યુકેશન અને સાક્ષરતા વિભાગના સચિવ |
| 4 | શ્રી બી. બી. સ્વૈન | વાણિજ્ય મંત્રાલયમાં સ્પેશિયલ સેક્રેટરી |

**નોંધ :** (1) MSMEનું પૂરું નામ Micro, Small and Medium Enterprises છે.

(2) CBSEનું પૂરું નામ Central Board of Secondary Education છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં સૌપ્રથમ વખત કયા શહેર માટે હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત 10 ઈલેક્ટ્રીક બસો અને 10 ઈલેક્ટ્રીક કાર ખરીદવા માટે EOI મંગાવવામાં આવ્યા છે ?
(A) નવી દિલ્હી અને લદાખ (B) નવી દિલ્હી અને શ્રીનગર
(C) નવી દિલ્હી અને લેહ (D) નવી દિલ્હી અને જમ્મુ **(C)**

2. ભારતની સૌથી મોટી વીજ ઉત્પાદક કંપની કઈ છે ?
(A) IRCL (B) PCBR (C) NTPC (D) RTSE **(C)**

3. ભારતમાં જંતુમુકત ડિસ્પોઝેબલ માસ્ક બનાવવા માટે કોના દ્વારા 'ઓર્ગેનિક–ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગ ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે ?
(A) ડો. વિષ્ણુનાથ આર. (B) ડો. વિશ્વેશ્વર આર.
(C) ડો. વિશ્વનાથ આર. (D) ડો. વિરેન્દ્ર આર. **(C)**

4. ભારતમાં કઈ જગ્યાએ આવેલી 'જ્યોતિ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી'ના ડો. વિશ્વનાથ દ્વારા જંતુમુકત ડિસ્પોઝેબલ માસ્ક બનાવવા 'ઓર્ગેનિક–ઈનઓર્ગેનિક હાઈબ્રીડ નેનોકોટિંગ' ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે ?
(A) પૂણે (B) બેંગાલુરૂ (C) મૈસુર (D) હૈદરાબાદ **(B)**

5. કોરોના મહામારી દરમિયાન પત્રકારોને વીમા કવચ આપનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
(A) હરિયાણા (B) કેરળ (C) આસામ (D) ઓડિશા **(A)**

6. કોરોનાથી મૃત્યુના કિસ્સામાં હરિયાણામાં પત્રકારના પરિવારને કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) રૂ. 5 લાખ (B) રૂ. 10 લાખ (C) રૂ. 15 લાખ (D) રૂ. 20 લાખ **(B)**

7. અમેરિકાની 90,000 ડોલરની 'પૌલ એન્ડ ડેઈઝી સોરોસ ફેલોશિપ' માટે પસંદ થયેલી અમદાવાદની યુવતીનું નામ શું છે ?
(A) સુશ્રી હીના શાહ (B) સુશ્રી રીના શાહ
(C) સુશ્રી લીના શાહ (D) સુશ્રી બીના શાહ **(B)**

8. ભારતમાં MSME મંત્રાલયના સચિવ તરીકે ગુજરાત કેડરના કયા ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી એ. કે. શર્મા (B) શ્રી આર. પી. ગુપ્તા
(A) શ્રી બી. બી. સ્વૈન (B) સુશ્રી અનિતા કરવાલ **(A)**

9. ભારતમાં કેન્દ્ર સરકારના સ્કૂલ એજ્યુકેશન અને સાક્ષરતા વિભાગના સચિવ તરીકે ગુજરાત કેડરના કયા ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી એ. કે. શર્મા (B) શ્રી આર. પી. ગુપ્તા
(A) શ્રી બી. બી. સ્વૈન (B) સુશ્રી અનિતા કરવાલ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**28 APRIL, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at Work)

## ➤ કોરોનાથી સર્જાયેલા આર્થિક સંકટને હળવું કરવા RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રૂ. 50,000 કરોડના સ્પેશિયલ પેકેજની જાહેરાત

27 એપ્રિલ 2020ના રોજ RBI દ્વારા ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રૂ. 50,000 કરોડના સ્પેશિયલ લિક્વિડિટી ફંડની જાહેરાત કરવામાં આવી છે.




- આ પેકેજ અંતર્ગત RBI બેન્કોને ઓછા વ્યાજ દરે ફંડ આપશે.
- અને બેન્કો આ નાણાંનો ઉપયોગ મ્યુચ્યુઅલ ફંડ્સની નાણાકીય તરલતા જાળવવા માટે કરશે.
- ભારતમાં ઉદ્યોગોમાં નાણાકીય તરલતાની સમસ્યા ન સર્જાય એ માટે આ રૂ. 50,000 કરોડનો ઉપયોગ કરવામાં આવશે.

### આ પેકેજ શા માટે જાહેર કરવામાં આવ્યું છે ?

તાજેતરમાં જ ભારતના ટોચના મ્યુચ્યુઅલ ફંડ હાઉસ ફ્રેન્કલિન ટેમ્પલટને પોતાની 6 સ્કીમો બંધ કરતા રોકાણકારોના કરોડો રૂપિયા ફસાઈ ગયા હતા.

- આથી, કોવિડ-19ને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં ભારતમાં મ્યુચ્યુઅલ ફન્ડ્સ પરના લિક્વિડિટી દબાણને હળવું કરવા RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રૂ. 50,000 કરોડની ખાસ લિક્વિડિટી ફેસિલિટી શરૂ કરવામાં આવી છે.

### આ પેકેજની વિશેષતા

આ નાણાંના ઉપયોગ માટે સ્પેશિયલ લિક્વિડિટી ફંડ - મ્યુચ્યુઅલ ફંડ (SLF-MF) હેઠળ RBI ફિક્સ રેપો રેટ પર 90 દિવસની પાકતી મુદતના રેપો ઓપરેશનને બહાર પાડશે.

- આ વ્યવસ્થા હેઠળ ભંડોળ મેળવવા બેન્કોએ બીડ કરવાની રહેશે.
- આ યોજના 27 એપ્રિલથી જાહેર કરાયેલી રકમનો ઉપયોગ થઈ જાય તે તારીખ સુધી અથવા તો 11 મે એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી અમલમાં રહેશે.
- બેન્કો આ નાણાંનો ઉપયોગ ફક્ત મ્યુચ્યુઅલ ફંડ્સને ધિરાણ આપવા માટે જ કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સૌથી વધુ સંરક્ષણ ખર્ચ કરતા દેશોની યાદીમાં ભારત સૌપ્રથમ વખત ત્રીજા ક્રમે



સ્વિડનની **'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (SIPRI)** દ્વારા વિશ્વના વિવિધ દેશો દ્વારા વર્ષ **2019**માં કરવામાં આવેલા **સંરક્ષણ ખર્ચ** અંગે એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- **Trends In World Military Expenditure, 2019** નામના આ રિપોર્ટ અનુસાર વર્ષ **2019**માં સૌથી વધુ સંરક્ષણ ખર્ચ કરનારા દેશોની યાદીમાં **અમેરિકા પ્રથમ** ક્રમે છે.
- **અમેરિકા** બાદ **ચીન બીજા** અને **ભારત ત્રીજા** ક્રમે છે.
- આ યાદીમાં **ભારત**નો **પ્રથમ** વખત **ટોપ થ્રી દેશો**માં સમાવેશ થયો છે.
- આ યાદીમાં **ભારત**નો પ્રથમ વખત **ત્રીજા ક્રમે** સમાવેશ થયો છે.

ICE COMPETITIVE EXAMS

**વર્ષ 2019માં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનારા ટોપ 10 દેશો**

| ક્રમ | દેશ | ખર્ચ (અબજ ડોલરમાં) |
|---|---|---|
| 1 | અમેરિકા | 732 |
| 2 | ચીન | 261 |
| 3 | ભારત | 71.1 |
| 4 | રશિયા | 65.1 |
| 5 | સાઉદી અરેબિયા | 61.9 |
| 6 | ફ્રાન્સ | 50.1 |
| 7 | જર્મની | 49.3 |
| 8 | બ્રિટન | 48.7 |
| 9 | જાપાન | 47.6 |
| 10 | દક્ષિણ કોરિયા | 43.9 |

## વિશ્વમાં સંરક્ષણ ખર્ચ

આ રિપોર્ટ અનુસાર વિશ્વના દેશો દ્વારા વર્ષ 2019માં સંરક્ષણ પાછળ કુલ 1917 અબજ ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

- વર્ષ 2018ની તુલનાએ આ ખર્ચ 3.6 ટકા વધારે હતો.
- જે છેલ્લા એક દાયકામાં સંરક્ષણ ખર્ચમાં થયેલો સૌથી મોટો વધારો હતો.
- સમગ્ર વિશ્વના કુલ લશ્કરી ખર્ચમાં વિશ્વના પ્રથમ પાંચ દેશોનો હિસ્સો 62 ટકા જેટલો છે.
- વર્ષ 1996થી સમગ્ર વિશ્વમાં લશ્કરી ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે.
- એ અગાઉ 1991થી 1995 દરમિયાન લશ્કરી ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો હતો.
- કોરોના મહામારીને કારણે વર્ષ 2020 અને વર્ષ 2021માં વિશ્વના દેશોના લશ્કરી ખર્ચમાં ઘટાડો થવાની સંભાવના છે.

**નોંધ :** (1) વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં લશ્કરી ખર્ચમાં 6.8 ટકાનો વધારો થયો છે.

(2) વિશ્વના કુલ સંરક્ષણ ખર્ચમાં અમેરિકાનો હિસ્સો 38 ટકા જેટલો છે.

## ➤ ઓઝોન આવરણમાં જોવા મળેલું સૌથી મોટું ગાબડું તેની જાતે જ પૂરાઈ ગયું

હવામાન પ્રદૂષણને કારણે વિશ્વમાં ઉત્તર ધ્રુવીય પ્રદેશ આર્કટિક ઉપરના ઓઝોન આવરણમાં 1 મિલિયન ચોરસ કિલોમીટરના સૌથી મોટા ગાબડાનું સર્જન થયું હતું.

- C3S (કોપરનિકસ ક્લાયમેટ ચેન્જ સર્વિસ) અને CAMS (કોપરનિકસ એટમોસ્ફિયર મોનિટરિંગ સર્વિસ) દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી માહિતી અનુસાર ઓઝોન આવરણમાં પડેલું આ ગાબડું હાલ પૂરાઈ ગયું છે.
- ઓઝોન આવરણમાં પડેલું આ ગાબડું પૂરાઈ જવાનું મુખ્ય કારણ COVID-19ને કારણે કરવામાં આવેલું લોકડાઉન નહિ, પણ ધ્રુવીય ભંવર (Polar Vortex) હોવાનું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 એપ્રિલ (B) 27 એપ્રિલ (C) 28 એપ્રિલ (D) 29 એપ્રિલ **(C)**

2. કોરોનાથી સર્જાયેલા આર્થિક સંકટને હળવું કરવા માટે RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ માટે કેટલા રૂપિયાના સ્પેશિયલ પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?
(A) રૂ. 20,000 કરોડ (B) રૂ. 25,000 કરોડ
(C) રૂ. 40,000 કરોડ (D) રૂ. 50,000 કરોડ **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

3. ભારતના ટોચના મ્યુચ્યુઅલ ફંડ હાઉસ ફ્રેન્કલિન ટેમ્પલટને પોતાની કેટલી સ્કીમો બંધ કરવાની જાહેરાત કરતા રોકાણકારોના કરોડો રૂપિયા ફસાઈ ગયા હતા ?
(A) 4 (B) 6 (C) 8 (D) 9 **(B)**

4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRIના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં સંરક્ષણ ખર્ચની બાબતમાં વિશ્વના વિવિધ દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા **(B)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા સિપ્રી (SIPRI)ના રિપોર્ટના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં વિશ્વના સંરક્ષણ ખર્ચમાં 3.6 ટકાનો વધારો થયો છે.
2. સમગ્ર વિશ્વના કુલ લશ્કરી ખર્ચમાં પ્રથમ પાંચ દેશોનો હિસ્સો 62 ટકા છે.
3. વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં લશ્કરી ખર્ચમાં 6.8 ટકાનો વધારો થયો છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

6. SIPRIના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં વિશ્વમાં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરતા પ્રથમ પાંચ દેશોનો સાચો ક્રમ કયો છે ?
(A) અમેરિકા, ચીન, ભારત, રશિયા, બ્રિટન
(B) અમેરિકા, ચીન, ભારત, રશિયા, ફ્રાન્સ
(C) અમેરિકા, ચીન, ભારત, રશિયા, જર્મની
(D) અમેરિકા, ચીન, ભારત, રશિયા, સાઉદી અરેબિયા **(D)**

7. કયા ક્ષેત્રમાં ઓઝોન આવરણમાં જોવા મળેલું સૌથી મોટું ગાબડું તેની જાતે જ પૂરાઈ ગયું છે ?
(A) દક્ષિણ ધ્રુવ (B) એન્ટાર્કટિકા (C) એટલાન્ટિક (D) આર્કટિક **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**29 APRIL, 2020 WEDNESDAY**

## ➢ દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day)

## ➢ The Class Centralની વર્ષ 2019ની 30 ઓનલાઈન કોર્સની યાદીમાં ભારતના 'સ્વયં' પોર્ટલના 6 કોર્સનો સમાવેશ

**The Class Central** દ્વારા તાજેતરમાં વર્ષ **2019**ના **વિશ્વના શ્રેષ્ઠ 30 ઓનલાઈન કોર્સ**ની યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં ભારતના **'સ્વયં'** પોર્ટલના **6 કોર્સ**નો સમાવેશ થયો છે.

### SWAYAM

**SWAYAM**નું પૂરું નામ **Study Webs of Active Learning for Young Aspiring Minds'** છે.

- 'સ્વયં' એ ભારતમાં વિદ્યાર્થીઓને **ફ્રી ઓનલાઈન શિક્ષણ** ઉપલબ્ધ કરાવવા માટેનું એક પ્લેટફોર્મ છે.
- તે **MOOC** પ્લેટફોર્મ એટલે કે **Massive Open Online Course** પ્લેટફોર્મ છે.
- ભારત સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય** દ્વારા આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે.
- ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ **શ્રી પ્રણવ મુખર્જીએ 9 જુલાઈ 2017**ના રોજ આ પ્લેટફોર્મ લોન્ચ કર્યું હતું.
- **'Digital India'** અંતર્ગત નિર્માણ પામેલા ભારત સરકારના આ પોર્ટલ દ્વારા નીચેના શિક્ષણ માટે ફ્રી ઓનલાઈન કોર્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે :

  (1) School Education (9th to 12th)

  (2) Out-of School Education

  (3) Under-Graduate Education

  (4) Post-Graduate Education

**નોંધ :** (1) સ્વયં પોર્ટલની વેબસાઈટનું નામ **'swayam.gov.in'** છે.

(2) આ પોર્ટલ પર 2860થી વધુ ઓનલાઈન કોર્સ અપલોડ કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ COVID-19નો સામનો કરવા માટે ADB ભારતને 1.5 અબજ ડોલરની સહાય કરશે

28 એપ્રિલ 2020ના રોજ ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) વચ્ચે 1.5 અબજ ડોલરના લોન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ સમજૂતી અંતર્ગત ભારત સરકારને COVID-19નો સામનો કરવામાં સહાયતા થાય તે હેતુથી ADB ભારતને 1.5 અબજ ડોલરની સહાય કરશે.

### Asian Development Bank (ADB)

એશિયન ડેવલપમેન્ટ બેન્ક એ એક પ્રાદેશિક વિકાસ બેન્ક છે.



- એશિયાઈ દેશોના આર્થિક વિકાસમાં સહાયતા કરવાના ઉદ્દેશથી 19 ડિસેમ્બર, 1966ના રોજ આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારત સહિત કુલ 31 દેશો દ્વારા આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- 29 એપ્રિલ 2020ની સ્થિતિએ આ બેન્કમાં હાલ 68 સભ્ય દેશો છે.
- તેનું વડુંમથક ફિલિપિન્સના મનિલામાં અથવા તો ફિલિપિન્સના મેટ્રો મનિલા પ્રદેશના મન્ડાલ્યુયોન્ગ નામના શહેરના Origas Centerમાં આવેલું છે.

## ➤ બિહાર, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી દેવાનંદ કુંવરનું નિધન



ભારતના બિહાર, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી દેવાનંદ કુંવરનું 25 એપ્રિલ 2020ના રોજ નિધન થયું છે.

- 1934માં ભારતના આસામમાં તેમનો જન્મ થયો હતો.
- શ્રી દેવાનંદ કુંવરે આસામના ગુવાહાટીમાં અંગ્રેજીના શિક્ષક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- કોંગ્રેસમાં જોડાયા બાદ તેમણે સૌપ્રથમ બિહારના રાજ્યપાલ તરીકે 2009થી 2013 દરમિયાન સેવા આપી હતી.
- ત્યારબાદ ત્રિપુરાના રાજ્યપાલ તરીકે માર્ચ 2013માં તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- આ ઉપરાંત 2009-2010 દરમિયાન પશ્ચિમ બંગાળના કાર્યકારી રાજ્યપાલ તરીકે પણ તેમણે સેવા આપી હતી.

## ➤ ભારતના પ્રસિદ્ધ મહિલા ચિત્રકાર અને શિલ્પકાર સુશ્રી ઝરીના હાશમીનું નિધન



ભારતના પ્રસિદ્ધ મહિલા ચિત્રકાર અને શિલ્પકાર સુશ્રી ઝરીના હાશમીનું બ્રિટનના લંડન ખાતે 83 વર્ષની વયે નિધન થયું છે.

- 1937માં ભારતમાં ઉત્તરપ્રદેશના અલીગઢ ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ઈન્ડિયન અમેરિકન ચિત્રકાર અને શિલ્પકાર હતા.
- તેઓ અમેરિકાના ન્યુયોર્કમાં સ્થાયી થયા હતા. અને તેમની કર્મભૂમિ ન્યુયોર્ક હતી.
- તેમણે 1980માં New York Feminist Art Instituteના બોર્ડ મેમ્બર તરીકે પણ કાર્ય કર્યું હતું.

### ICE Questions®

1. ‘વિશ્વ ડાન્સ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 27 એપ્રિલ (B) 28 એપ્રિલ (C) 29 એપ્રિલ (D) 30 એપ્રિલ **(C)**

2. The Class Central દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 30 શ્રેષ્ઠ ઓનલાઈન કોર્સની યાદીમાં ભારતના કયા પોર્ટલના કેટલાક કોર્સનો સમાવેશ થયો છે ?
   (A) ઈન્ડિયા (B) સ્વયં (C) સ્વયંપ્રભા (D) ડિજિટલ ઈન્ડિયા **(B)**

3. The Class Central દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 30 શ્રેષ્ઠ ઓનલાઈન કોર્સની યાદીમાં ભારતના ‘સ્વયં’ પોર્ટલના કેટલા કોર્સનો સમાવેશ થયો છે ?
   (A) 3 (B) 5 (C) 6 (D) 8 **(C)**

4. ‘સ્વયં’ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું પૂરું નામ Study Webs of Active Learning for Young Aspiring Midns છે.
   2. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે.
   3. શ્રી પ્રણવ મુખર્જીએ 9 જુલાઈ, 2017ના રોજ તેનું લોકાર્પણ કર્યું હતું.
   4. તેમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસ માટે ઓનલાઈન કોર્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. **COVID-19નો સામનો કરવા માટે સહાયતા અંગે એશિયન ડેવલપમેન્ટ બેન્ક અને ભારત સરકાર વચ્ચે કેટલા રૂપિયાના લોન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા છે ?**

(A) 1 અબજ ડોલર (B) 1.5 અબજ ડોલર

(C) 2 અબજ ડોલર (D) 2.5 અબજ ડોલર **(B)**

6. **COVID-19નો સામનો કરવા માટે કઈ સંસ્થા ભારતને 1.5 અબજ ડોલરની સહાયતા કરશે ?**

(A) World Bank (B) WHO (C) WEF (D) ADB **(D)**

7. **કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી દેવાનંદ કુંવરનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ ક્યાં થયો હતો ?**

(A) આસામ (B) ત્રિપુરા (C) ઓડિશા (D) મણિપુર **(A)**

8. **શ્રી દેવાનંદ કુંવરનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ નીચેનામાંથી ભારતના કયા રાજ્યના રાજ્યપાલ અથવા તો કાર્યકારી રાજ્યપાલ હતા ?**

(A) બિહાર (B) ત્રિપુરા

(C) પશ્ચિમ બંગાળ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. **સુશ્રી ઝરીના હાશમીનું બ્રિટનના લંડન ખાતે નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?**

(A) ચિત્ર–શિલ્પ (B) સંગીત–નૃત્ય

(C) સાહિત્ય–સમાજ (D) પત્રકારત્વ **(A)**

10. **ભારતના પ્રસિદ્ધ મહિલા ચિત્રકાર તથા શિલ્પકાર સુશ્રી ઝરીના હાશમીનું તાજેતરમાં લંડન ખાતે નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?**

(A) લંડન, બ્રિટન (B) ન્યુયોર્ક, અમેરિકા

(C) પટના, બિહાર (D) અલીગઢ, ઉત્તરપ્રદેશ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

30 APRIL, 2020 THURSDAY

## ➤ પોતાના અદ્દભૂત અને વૈવિધ્યપૂર્ણ અભિનય માટે પ્રસિદ્ધ અભિનેતા શ્રી ઈરફાન ખાન જન્નત નશીન



ભારતના પ્રસિદ્ધ અભિનેતા <u>શ્રી ઈરફાન ખાનનું</u> 29 એપ્રિલ 2020ના રોજ <u>મુંબઈ</u> ખાતે 53 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ છેલ્લા કેટલાક સમયથી <u>ન્યૂરોએન્ડોક્રાઈનના કેન્સર</u> સામે ઝઝૂમી રહ્યા હતા.
- તેમનું મૂળ નામ <u>શાહબજાદે ઈરફાન અલી ખાન</u> હતું.
- તેમનો જન્મ 7 જાન્યુઆરી 1967ના રોજ <u>રાજસ્થાન</u>ના <u>ટોંક અથવા તો જયપુર</u>માં થયો હતો.
- તેમનું બાળપણ રાજસ્થાનના ટોંક અને જયપુરમાં વીત્યું હતું.

### ફિલ્મ કારકિર્દી

શ્રી ઈરફાન ખાને <u>હિન્દી સિનેમા</u> ઉપરાંત <u>બ્રિટિશ</u> અને <u>અમેરિકન ફિલ્મો</u>માં પણ અભિનય કર્યો હતો.

- દિલ્હીમાં National School of Drama (NSD)માં અભિનયની તાલીમ લીધા બાદ શ્રી ઈરફાન ખાને સૌપ્રથમ <u>ટી.વી. સીરિયલ</u>માં અભિનયથી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- ત્યારબાદ <u>1988</u>માં પ્રસિદ્ધ થયેલી <u>'સલામ બોમ્બે'</u> ફિલ્મથી તેમની <u>ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ</u> થયો હતો.
- તેમની 30 વર્ષની ફિલ્મ કારકિર્દીમાં તેમણે 100થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.
- જેમાં વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલી <u>'અંગ્રેજી મીડિયમ'</u> તેમની અંતિમ ફિલ્મ હતી.

### પ્રસિદ્ધ ફિલ્મો

શ્રી ઈરફાન ખાનની પ્રસિદ્ધ ફિલ્મોમાં અંગ્રેજી મીડિયમ, હિંદી મીડિયમ, પાનસિંહ તોમર, રોગ, દ નેમસેક, મકબૂલ, હાસિલ, ધ લંચ બોક્સ, લાઈફ ઈન અ મેટ્રો, પીકૂ, મદારી, લાઈફ ઓફ પાઈ, જુરાસિક વર્લ્ડ વગેરેનો સમાવેશ થાય છે.

### એવોર્ડ

શ્રી ઈરફાન ખાનને વર્ષ <u>2011</u>માં <u>પદ્મ શ્રી</u> પુરસ્કાર એનાયત થયો હતો.

- તેમને મળેલા વિવિધ એવોર્ડના નામ આ પ્રમાણે છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ઈરફાન ખાનને એનાયત થયેલા સૌથી અગત્યના ત્રણ એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ | કેટેગરી | વર્ષ |
|---|---|---|---|---|
| 1 | પદ્મ શ્રી | – | કળા | 2011 |
| 2 | નેશનલ ફિલ્મ એવોર્ડ | પાન સિંહ તોમર | બેસ્ટ એક્ટર | 2013 |
| 3 | એશિયન ફિલ્મ એવોર્ડ | ધ લંચ બોક્સ | બેસ્ટ એક્ટર | 2014 |

## શ્રી ઈરફાન ખાનને એનાયત થયેલા અન્ય એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ | કેટેગરી | વર્ષ |
|---|---|---|---|---|
| 1 | ફિલ્મફેર એવોર્ડ | હાસિલ | બેસ્ટ પર્ફોર્મન્સ ઈન અ નેગેટિવ રોલ | 2004 |
| 2 | ફિલ્મફેર એવોર્ડ | લાઈફ ઈન અ મેટ્રો | બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | 2008 |
| 3 | ફિલ્મફેર એવોર્ડ | પાન સિંહ તોમર | બેસ્ટ એક્ટર (ક્રિટિક્સ) | 2013 |
| 4 | ફિલ્મફેર એવોર્ડ | હિન્દી મીડિયમ | બેસ્ટ એક્ટર | 2018 |

**નોંધ :** (1) શ્રી ઈરફાન ખાને ચાણક્ય, ચંદ્રકાન્તા, ભારત એક ખોજ, સારા જહાં હમારા, બનેગી બાત અપની, શ્રીકાંત વગેરે જેવી ટીવી સિરિયલોમાં અભિનય કર્યો હતો.

(2) શ્રી ઈરફાન ખાનનું સ્વપ્ન ક્રિકેટર બનવાનું હતું. સી. કે. નાયડુ ટુર્નામેન્ટ માટે તેમની પસંદગી પણ થઈ હતી. પરંતુ તેમની પાસે જયપુરથી અજમેર જવાના પૈસા ન હોવાથી તેમની ક્રિકેટર તરીકેની કારકિર્દી અકાળે જ અસ્ત પામી હતી એવું કહેવાય છે.

## ➤ આંધ્ર બેન્કના પૂર્વ CEO અને MD શ્રી સુરેશ એન. પટેલની ભારતના વિજિલન્સ કમિશનર તરીકે નિમણૂક




આંધ્ર બેન્કના પૂર્વ CEO અને MD **શ્રી સુરેશ એન. પટેલ**ની ભારતના Central Vigilance Commission (CVC)માં **Vigilance Commissioner** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત 29 એપ્રિલ 2020ના રોજ ભારતના ચીફ વિજિલન્સ કમિશનર **શ્રી સંજય કોઠારી**એ વીડિયો લિંકના માધ્યમથી **શ્રી સુરેશ એન. પટેલ**ને વિજિલન્સ કમિશનર તરીકેના **શપથ** અપાવ્યા હતા.

## CVCના સભ્યો

ભારતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના સભ્યોમાં એક અધ્યક્ષ અને અન્ય બે સભ્યોનો સમાવેશ થાય છે.

- વર્તમાન સમયે (30 એપ્રિલ, 2020)ની સ્થિતિએ ભારતમાં CVCના સભ્યોમાં નીચેના વ્યક્તિઓનો સમાવેશ થાય છે :
  (1) શ્રી સંજય કોઠારી (ચીફ વિજિલન્સ કમિશનર)
  (2) શ્રી સુરેશ પટેલ (વિજિલન્સ કમિશનર)
  (3) શ્રી શરદ કુમાર (વિજિલન્સ કમિશનર)

## CVCના સભ્યોનો કાર્યકાળ

ભારતમાં CVCના અધ્યક્ષ તથા સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે હોય છે.

**નોંધ :** (1) શ્રી સુરેશ એન. પટેલ બેન્કિંગ ક્ષેત્રનો 30 વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.
(2) તાજેતરમાં CVCના ચીફ વિજિલન્સ કમિશનર તરીકે શ્રી સંજય કોઠારીની નિમણૂક કરવામાં આવી હતી.

## ➤ COVID-19 ફેલાવાની ભવિષ્યવાણી માટે IIT દિલ્હી દ્વારા 'પ્રકૃતિ' ડેશબોર્ડ વિકસાવવામાં આવ્યું

IIT દિલ્હીના સંશોધકો દ્વારા 'પ્રકૃતિ' (PRACRITI) નામનું એક ડેશબોર્ડ વિકસાવવામાં આવ્યું છે.

- આ ડેશબોર્ડ આગામી ત્રણ અઠવાડિયા દરમિયાન ભારતના કયા રાજ્યના કયા જિલ્લામાં COVID-19ના કેટલા પોઝિટિવ કેસ નોંધાવાની સંભાવના છે તેની વિસ્તૃત ભવિષ્યવાણી કરે છે.
- PRACRITIનું પૂરું નામ 'PRediction and Assesment of CoRona Infections and Transmission in India' છે.

## ICE ? Questions

1. ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી ઈરફાન ખાનનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) રાજસ્થાન (D) મહારાષ્ટ્ર **(C)**

2. ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી ઈરફાન ખાનનું તાજેતરમાં નિધન થયું છે...તેમનું મૂળ નામ શું છે ?
   (A) શાહબજાદે ઈરફાન મોઈન ખાન (B) શાહબજાદે ઈરફાન અલી ખાન
   (C) શાહબજાદે ઈરફાન સલીમ ખાન (D) શાહબજાદે ઈરફાન અયુબ ખાન **(B)**

3. શ્રી ઈરફાન ખાને હિન્દી ફિલ્મમાં કારકિર્દીનો પ્રારંભ કઈ ફિલ્મથી કર્યો હતો ?
(A) મકબૂલ (B) મદારી (C) હાસિલ (D) સલામ બોમ્બે **(D)**

4. શ્રી ઈરફાન ખાનને એનાયત થયેલા એવોર્ડમાં નીચેનામાંથી કયા એવોર્ડનો સમાવેશ થાય છે ?
(A) પદ્મ શ્રી, નેશનલ ફિલ્મ એવોર્ડ, યુરોપિયન ફિલ્મ એવોર્ડ
(B) પદ્મ ભૂષણ, નેશનલ ફિલ્મ એવોર્ડ, યુરોપિયન ફિલ્મ એવોર્ડ
(C) પદ્મ ભૂષણ, નેશનલ ફિલ્મ એવોર્ડ, એશિયન ફિલ્મ એવોર્ડ
(D) પદ્મ શ્રી, નેશનલ ફિલ્મ એવોર્ડ, એશિયન ફિલ્મ એવોર્ડ **(D)**

5. શ્રી ઈરફાન ખાનને કઈ ફિલ્મ માટે બેસ્ટ એક્ટર તરીકેનો 'નેશનલ ફિલ્મ એવોર્ડ' એનાયત થયો હતો ?
(A) ધ લંચ બોક્સ (B) પાન સિંહ તોમર
(C) હિન્દી મીડિયમ (D) લાઈફ ઈન અ મેટ્રો **(B)**

6. શ્રી ઈરફાન ખાનની વર્ષ 2020માં આવેલી અંતિમ ફિલ્મ કઈ હતી ?
(A) અંગ્રેજી મીડિયમ (B) હિન્દી મીડિયમ (C) બ્લેકમેલ (D) કારવાં **(A)**

7. ભારતમાં CVCના નવા વિજિલન્સ કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સંજય કોઠારી (B) શ્રી શરદ ઠાકુર
(C) શ્રી સંજય એન. પટેલ (D) શ્રી સુરેશ પટેલ **(D)**

8. ભારતના સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના વર્તમાન (30 એપ્રિલ, 2020ની સ્થિતિએ) સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી સંજય કોઠારી (B) શ્રી મહેશ વર્મા
(C) શ્રી સુરેશ પટેલ (D) શ્રી શરદ કુમાર **(B)**

9. શ્રી સુરેશ પટેલને ભારતના નવા વિજિલન્સ કમિશનર તરીકેના શપથ કોણે અપાવ્યા છે ?
(A) શ્રી સંજય કોઠારી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી શરદ બોબડે **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 1 MAY, 2020 FRIDAY

## ➤ દિવસ મહિમા : 1 મે, (1) ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ)
(2) મહારાષ્ટ્ર સ્થાપના દિન
(3) આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ
(International Worker's Day અથવા તો Labour Day)

### ગુજરાતનો 60મો સ્થાપના દિવસ




1 મે, 2020ના રોજ ગુજરાતના 60મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.

- ભારતની આઝાદી બાદ 'બૃહદ્ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ'માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મેના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ ઉજવાય છે.

**નોંધ :** ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઓળખાય છે.

## ➤ ભારતના પ્રસિદ્ધ અભિનેતા, ફિલ્મ નિર્માતા અને ફિલ્મ દિગ્દર્શક શ્રી ઋષિ કપૂરનું નિધન

ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા, ફિલ્મ નિર્માતા અને ફિલ્મ દિગ્દર્શક શ્રી ઋષિ કપૂરનું 30 એપ્રિલ, 2020ના રોજ મુંબઈ ખાતે 67 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ વર્ષ 2018થી લ્યુકેમિયાના કેન્સરનો સામનો કરી રહ્યા હતા.
- શ્રી ઋષિ કપૂરનો જન્મ 4 સપ્ટેમ્બર, 1952ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે 'કપૂર ફેમિલી'માં થયો હતો.
- તેમના પિતા શ્રી રાજ કપૂર ભારતના પ્રસિદ્ધ અભિનેતા અને ફિલ્મ નિર્માતા હતા.





## ફિલ્મ કારકિર્દી

શ્રી ઋષિ કપૂરનો <u>બાળ કલાકાર</u> તરીકે હિન્દી ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ તેમના પિતા શ્રી રાજ કપૂરની 1970માં પ્રસિદ્ધ થયેલી ફિલ્મ <u>'મેરા નામ જોકર'</u>થી થયો હતો.

- જ્યારે ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે તેમની પ્રથમ ફિલ્મ <u>'બોબી'</u> હતી.
- 1973માં પ્રસિદ્ધ થયેલી આ ફિલ્મ ખૂબ જ લોકપ્રિય બની હતી.
- 40 વર્ષથી વધુની તેમની ફિલ્મ કારકિર્દીમાં તેમણે 123થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

## પ્રસિદ્ધ ફિલ્મો

શ્રી ઋષિ કપૂરની પ્રસિદ્ધ ફિલ્મોમાં બોબી, રાજા, કભી કભી, અમર અકબર એન્થની, સરગમ, પ્રેમરોગ, બોલ રાધા બોલ, લૈલા મજનૂ, ચાંદની, દામિની, અગ્નિપથ વગેરેનો સમાવેશ થાય છે.

## એવોર્ડ

શ્રી ઋષિ કપૂરને તેમની પ્રથમ ફિલ્મ <u>'મેરા નામ જોકર'</u>માં બાળ કલાકાર તરીકે શ્રેષ્ઠ ભૂમિકા ભજવવા માટે <u>1970</u>માં <u>નેશનલ ફિલ્મ એવોર્ડ</u> એનાયત થયો હતો.

- ત્યારબાદ <u>1974</u>માં <u>'બોબી'</u> ફિલ્મ માટે બેસ્ટ એક્ટર તરીકે <u>ફિલ્મફેર એવોર્ડ</u> એનાયત થયો હતો.
- વર્ષ <u>2008</u>માં તેમને <u>ફિલ્મફેર લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ</u> પણ એનાયત થયો હતો.
- વર્ષ <u>2009</u>માં ફિલ્મમાં યોગદાન બદલ <u>રશિયન સરકાર</u> તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત શ્રી ઋષિ કપૂરને અનેક ફિલ્મફેર તથા ઝી સિને એવોર્ડ એનાયત થયા છે.

**નોંધ :** (1) શ્રી ઋષિ કપૂરને આજ સુધી એક પણ <u>પદ્મ પુરસ્કાર</u> એનાયત થયો નથી.
(2) શ્રી ઋષિ કપૂરની આત્મકથાનું નામ <u>'ખુલ્લં ખુલ્લા : ઋષિ કપૂર અનસેન્સર્ડ'</u> છે.

## ➢ ગુજરાતના પ્રસિદ્ધ મહિલા સાહિત્યકાર સુશ્રી કુંદનિકા કાપડિયાનું ધરમપુરના નંદીગ્રામમાં નિધન



ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ મહિલા વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધકાર તથા સમાજસેવિકા <u>સુશ્રી કુંદનિકા કાપડિયા</u>નું 30 એપ્રિલ, 2020ના રોજ ગુજરાતમાં <u>વલસાડ</u> જિલ્લાના <u>નંદીગ્રામ</u>માં 93 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 11 જાન્યુઆરી, 1927ના રોજ ગુજરાતના <u>સુરેન્દ્રનગર</u> જિલ્લાના <u>લીંબડી</u> ખાતે પિતા <u>શ્રી નરોત્તમદાસ કાપડિયા</u>ને ત્યાં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમણે તેમના પતિ અને પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર **શ્રી મકરંદ દવે** સાથે ગુજરાતમાં **વલસાડ** જિલ્લાના **વાંકલ** ગામે **'નંદીગ્રામ'** નામના **આશ્રમ**ની સ્થાપના કરી હતી.
- આ આશ્રમના માધ્યમથી તેમણે લોકકલ્યાણ અને ગ્રામસેવાની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.
- જેમાં શૌચાલયો બનાવવા, કૂવા–પાણીના ટાંકા બનાવવા, જમીન સમતળ કરવી, સેન્દ્રીય ખાતર વિતરણ, વાંસકામ તાલીમ, વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવી વગેરેનો સમાવેશ થાય છે.

## સાહિત્ય સર્જન

પોતાના અંગત મિત્રોમાં **'કુંદન'** તરીકે અને નંદીગ્રામ તથા સાહિત્યજગતમાં **'ઈશામા'** તરીકે ઓળખાતા સુશ્રી કુંદનિકા કાપડિયાનું તખલ્લુસ **'સ્નેહધન'** હતું.

- તેમણે 1955થી 1957 સુધી **'યાત્રિક'** અને 1962થી 1980 દરમિયાન **'નવનીત'** નામના સામયિકના સંપાદક તરીકે કાર્ય કર્યું હતું.

## વાર્તા

**'પ્રેમનાં આંસુ'** નામની **વાર્તા** એ તેમની **પ્રથમ રચના** છે.

- તેમના પ્રસિદ્ધ વાર્તાસંગ્રહોમાં નીચેના ગ્રંથોનો સમાવેશ થાય છે :

(1) પ્રેમના આંસુ (1954)

(2) વધુ ને વધુ સુંદર (1968)

(3) કાગળની હોડી (1978)

(4) જવા દઈશું તમને (1983)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નવલકથા

**'પરોઢ થતાં પહેલાં'** તેમની **પ્રથમ નવલકથા** હતી.

- તેમણે લખેલી ત્રણ નવલકથામાં નીચેની નવલકથાનો સમાવેશ થાય છે :

(1) પરોઢ થતાં પહેલાં (1968)

(2) અગનપિપાસા (1972)

(3) સાત પગલાં આકાશમાં (1984)

- આ ત્રણ નલકથામાંથી આધુનિક નારીની ભાવનાને આલેખતી તેમની **'સાત પગલાં આકાશમાં'** ખૂબ જ ચર્ચાસ્પદ અને લોકપ્રિય બની હતી.
- **'સાત પગલાં આકાશમાં'** નવલકથા માટે તેમને **1985**માં **સાહિત્ય અકાદમી પુરસ્કાર** એનાયત થયો હતો.

## અન્ય ગ્રંથો

સુશ્રી કુંદનિકા કાપડિયાએ છ જેટલા **અનુવાદો** પણ આપ્યા છે.

- આ ઉપરાંત તેમણે **'દ્વાર અને દીવાલ'** નામનો પ્રકીર્ણ લેખોનો સંગ્રહ આપ્યો છે.
- **'પરમસમીપે'** એ તેમનું નોંધપાત્ર **પ્રાર્થનાસંકલન** છે. તેમના સૌથી વધુ વંચાયેલા અને વખણાયેલા પુસ્તકોમાં **'સાત પગલાં આકાશમાં'** ઉપરાંત **'પરમસમીપે'**નો સમાવેશ થાય છે.

## એવોર્ડ

તેમને એનાયત થયેલા મુખ્ય પુરસ્કારોમાં –

(1) સાહિત્ય અકાદમી, દિલ્હી પુરસ્કાર (1985) ('સાત પગલાં આકાશમાં' માટે)

(2) ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક (1984)

(3) ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી એનાયત થયેલા પુરસ્કારોનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) સુશ્રી કુંદનિકા કાપડિયાએ **1942**માં **'હિંદ છોડો ચળવળ'**માં ભાગ લીધો હતો.

(2) તેમની પ્રસિદ્ધ નવલકથા 'સાત પગલાં આકાશમાં'ના મુખ્ય પાત્રો નાયિકા **વસુધા** અને **વ્યોમેશ** છે.

(2) સુશ્રી કુંદનિકા કાપડિયાનું નિધન 30 એપ્રિલના રોજ થયું હતું. જે તેમની મેરેજ એનિવર્સરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 1 મે ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?
   1. ગુજરાત 2. મધ્યપ્રદેશ 3. મણિપુર 4. મહારાષ્ટ્ર
   (A) ફક્ત 1 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 1 અને 4 **(D)**

2. 1 મે 2020ના રોજ ગુજરાતના કેટલામા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 59મા (B) 60મા (C) 61મા (D) 62મા **(B)**

3. ગુજરાતનો સ્થાપના દિવસ કયા નામે ઓળખાય છે ?
   (A) ગુજરાત શૌર્ય દિન (B) ગુજરાત સંકલ્પ દિન
   (C) ગુજરાત ગૌરવ દિન (D) ગુજરાત નવનિર્માણ દિન **(C)**

4. 'શ્રમિક દિવસ', 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' અથવા તો 'મે દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે **(A)**

5. ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી ઋષિ કપૂરનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?

(A) મુંબઈ (B) પૂણે (C) બેંગાલુરુ (D) જયપુર

**(A)**

6. શ્રી ઋષિ કપૂરનો બાળ કલાકાર તરીકે હિન્દી ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ કઈ ફિલ્મથી થયો હતો ?

(A) રાજા (B) રફૂ ચક્કર
(C) મેરા નામ જોકર (D) યાદોં કી બારાત

**(C)**

7. શ્રી ઋષિ કપૂરને એનાયત થયેલા એવોર્ડમાં કયા એવોર્ડનો સમાવેશ થાય છે ?

(A) નેશનલ ફિલ્મ એવોર્ડ
(B) ફિલ્મફેર લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ
(C) રશિયન સરકાર તરફથી સન્માન
(D) ઉપરોક્ત ત્રણેય

**(D)**

8. ગુજરાતના પ્રસિદ્ધ મહિલા સાહિત્યકાર સુશ્રી કુંદનિકા કાપડિયાનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ ક્યાં થયો હતો ?

(A) વાંકલ, વલસાડ (B) સાણંદ, અમદાવાદ
(C) લીંબડી, રાજકોટ (D) લીંબડી, સુરેન્દ્રનગર

**(D)**

9. સુશ્રી કુંદનિકા કાપડિયા તથા શ્રી મકરંદ દવે દ્વારા ગુજરાતમાં કઈ જગ્યાએ ‘નંદીગ્રામ’ આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) વાંકલ, વલસાડ (B) વણોદ, વલસાડ
(C) સાંતેજ, વલસાડ (D) પીપલજ, વલસાડ

**(A)**

10. સુશ્રી કુંદનિકા કાપડિયાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. નંદીગ્રામમાં તેઓ ‘ઈશામા’ તરીકે ઓળખાતા હતા.
2. તેમનું તખલ્લુસ ‘સ્નેહયાત્રી’ હતું.
3. તેમની પ્રથમ રચના ‘પ્રેમના આંસુ’ નામની નવલકથા હતી.
4. ‘સાત પગલાં આકાશમાં’ નવલકથા માટે તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો.
5. ‘પરમસમીપે’ તેમનું પ્રસિદ્ધ પ્રાર્થના સંકલન છે.

(A) 1, 2, 3, 4, 5 (B) 1, 3, 4, 5 (C) 1, 2, 4, 5 (D) 1, 4, 5

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**2 MAY, 2020 SATURDAY**

## ➤ United Nationsમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ટી. એસ. તિરુમૂર્તિની નિમણૂક



**United Nations (UN)** અથવા તો **સંયુક્ત રાષ્ટ્ર**માં **ભારતના કાયમી પ્રતિનિધિ** તરીકે **શ્રી ટી. એસ. તિરુમૂર્તિ**ની નિમણૂક કરવામાં આવી છે.

- સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ટી. એસ. તિરુમૂર્તિ **શ્રી સૈયદ અકબરુદ્દીન**નું સ્થાન લેશે.
- શ્રી સૈયદ અકબરુદ્દીન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે તેમણે કરેલી નોંધપાત્ર કામગીરીને કારણે પ્રસિદ્ધ થયા હતા.
- શ્રી સૈયદ અકબરુદ્દીનના સ્થાને આ પદ પર હવે શ્રી ટી. એસ. તિરુમૂર્તિની નિમણૂક કરવામાં આવી છે.

### શ્રી ટી. એસ. તિરુમૂર્તિ

શ્રી ટી. એસ. તિરુમૂર્તિ ભારતીય વિદેશ સેવાના 1985ની બેચના ઓફિસર છે.

- તેમનો જન્મ 7 માર્ચ, 1962ના રોજ **તમિલનાડુ**ના **ચેન્નાઈ**માં થયો હતો.
- શ્રી ટી. એસ. તિરુમૂર્તિ ભારતના પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ અને લેખક છે.
- તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકેની તેમની નિમણૂક અગાઉ તેઓ **ભારતના વિદેશ મંત્રાલયમાં સચિવ** તરીકે કાર્યરત હતા.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ AIIA અને દિલ્હી પોલીસ દ્વારા નવી દિલ્હીમાં 'આયુરક્ષા' કાર્યક્રમ લૉન્ચ

તાજેતરમાં ભારતમાં **નવી દિલ્હી** ખાતે પોલીસ કર્મીઓ માટે **'આયુરક્ષા'** નામનો એક કાર્યક્રમ લૉન્ચ કરવામાં આવ્યો છે.

- આ કાર્યક્રમનું પૂરું નામ **'આયુરક્ષા-કોરોના સે જંગ-દિલ્હી પુલીસ કે સંગ'** છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના **આયુષ મંત્રાલય** અંતર્ગતના **All India Institute of Ayurveda (AIIA)** અને **દિલ્હી પોલીસ** દ્વારા સંયુક્ત રીતે આ કાર્યક્રમ લૉન્ચ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ દિલ્હીના પોલીસ કર્મીઓને COVID-19નો સામનો કરવામાં મદદ કરવા માટે તેમની રોગ પ્રતિકારક શક્તિ વધારવાનો છે.

## ➤ ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી ચુની ગોસ્વામીનું નિધન



ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી ચુની ગોસ્વામીનું 30 એપ્રિલ, 2020ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે 82 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનું મૂળ નામ શ્રી સુબિમલ ગોસ્વામી છે.
- તેમનો જન્મ 5 જાન્યુઆરી, 1938ના રોજ વર્તમાન બાંગ્લાદેશના કિશોરગંજ ખાતે થયો હતો.

### કારકિર્દી

શ્રી ચુની ગોસ્વામી ભારતની પ્રસિદ્ધ ફૂટબોલ કલબ મોહન બાગન તેમજ ભારતની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના કેપ્ટન રહ્યા હતા.

- તેઓ 1962માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન હતા.
- ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી ચુની ગોસ્વામી બંગાળના પ્રસિદ્ધ ક્રિકેટર પણ હતા.
- 1971-72માં રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચનાર બંગાળની ટીમના તેઓ કેપ્ટન હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### એવોર્ડ

શ્રી ચુની ગોસ્વામીને એનાયત થયેલા મુખ્ય એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | વર્ષ |
|---|---|---|
| 1 | બેસ્ટ સ્ટ્રાઈકર ઓફ એશિયા એવોર્ડ | 1962 |
| 2 | અર્જુન એવોર્ડ | 1963 |
| 3 | પદ્મ શ્રી | 1983 |
| 4 | મોહન બાગન રત્ન | 2005 |

## ➤ IBP દ્વારા પ્રસિદ્ધ થયેલા Open Budget Survey 2019માં ભારત 53મા ક્રમે

International Budget Partnership (IBP) દ્વારા તાજેતરમાં 'Open Budget Survey 2019' નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- બજેટની પારદર્શકતા અને જવાબદારીની દષ્ટિએ આ રિપોર્ટ અનુસાર વિશ્વના 117 દેશોમાં ભારત 53મા ક્રમે છે.

- આ રિપોર્ટમાં **100**માંથી ભારતનો સ્કોર **49** છે.
- જે **અફઘાનિસ્તાન** સિવાય ભારતના તમામ પાડોશી દેશો કરતા વધારે છે.
- જ્યારે આ રિપોર્ટમાં સૌથી વધુ **87**ના સ્કોર સાથે **ન્યુઝીલેન્ડ** અને **સાઉથ આફ્રિકા પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **0 (શૂન્ય)** સ્કોર સાથે **યમન, વેનેઝુએલા** અને **કોમોરોસ અંતિમ** ક્રમે છે.

**Open Budget Survey 2019 : budget Transparency Scores**

| Country | Score (Out of 100) |
|---|---|
| ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા | 87 |
| સ્વીડન | 86 |
| મેક્સિકો | 82 |
| અફઘાનિસ્તાન | 50 |
| ભારત | 49 |
| શ્રીલંકા | 47 |
| નેપાળ | 41 |
| બાંગ્લાદેશ | 36 |
| મ્યાનમાર | 28 |
| પાકિસ્તાન | 28 |
| ચીન | 19 |
| કતાર | 01 |
| યમન, વેનેઝુએલા, કોમોરોસ | 00 |

**નોંધ :** (1) આ સર્વે **દર બે વર્ષે** પ્રસિદ્ધ થાય છે.

(2) વર્ષ 2019ના આ રિપોર્ટ અગાઉ વર્ષ **2017**માં ભારતનો સ્કોર **48** અને **2015**માં **46** હતો.

## ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર (UN)માં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી સુરેશ પટેલ (B) શ્રી સંજય કોઠારી
   (C) શ્રી કપિલ દેવ ત્રિપાઠી (D) શ્રી ટી. એસ. તિરુમૂર્તિ **(D)**

2. યુનાઈટેડ નેશન્સમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ટી. એસ. તિરુમૂર્તિની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી ફકરુદ્દીન અહેમદ (B) શ્રી સૈયદ અકબરુદ્દીન
   (C) શ્રી અકબરુદ્દીન મોહમ્મદ (D) શ્રી મોહમ્મદ અકબરુદ્દીન **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

3. શ્રી ટી. એસ. તિરુમૂર્તિની સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?
(A) કર્ણાટક (B) કેરળ (C) તમિલનાડુ (D) તેલંગાણા **(C)**

4. ભારતના કયા શહેરની પોલીસ દ્વારા COVID-19નો સામનો કરવા પોલીસ કર્મીઓ માટે 'આયુરક્ષા' નામનો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) મુંબઈ (B) પૂણે (C) ચેન્નાઈ (D) દિલ્હી **(D)**

5. શ્રી ચુની ગોસ્વામીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
(A) ફૂટબોલ (B) ટેનિસ (C) ક્રિકેટ (D) A અને C બન્ને **(D)**

6. ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર અને ક્રિકેટર શ્રી ચુની ગોસ્વામીનું તાજેતરમાં ભારતના કયા શહેરમાં નિધન થયું છે ?
(A) મુંબઈ (B) દિલ્હી (C) કોલકાતા (D) બેંગાલુરુ **(C)**

7. ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર અને ક્રિકેટર શ્રી ચુની ગોસ્વામીનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ ક્યાં થયો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) ઓડિશા
(C) આસામ (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

8. ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી ચુની ગોસ્વામીને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?
(A) પદ્મ શ્રી (B) અર્જુન એવોર્ડ
(C) બેસ્ટ ટ્રાઈકર ઓફ એશિયા એવોર્ડ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. IBP દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ઓપન બજેટ સર્વે 2019'માં કુલ 117 દેશોમાં ભારતનો ક્રમ કયો છે ?
(A) 45 (B) 48 (C) 53 (D) 64 **(C)**

10. IBP દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ઓપન બજેટ સર્વે 2019'માં કુલ 100માંથી ભારતનો સ્કોર કેટલો છે ?
(A) 46 (B) 47 (C) 48 (D) 49 **(D)**

11. IBP દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ઓપન બજેટ સર્વે 2019'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) ન્યુઝીલેન્ડ અને સ્વીડન (B) ન્યુઝીલેન્ડ અને મેક્સિકો
(C) ન્યુઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા (D) ન્યુઝીલેન્ડ અને નોર્વે **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં APL કાર્ડધારકોને મે માસમાં અનાજ ફ્રી આપવાનો ગુજરાત સરકારનો નિર્ણય

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં APL કાર્ડધારકોને મે માસનું અનાજ ફ્રી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંતર્ગત પરિવાર દીઠ 10 કિલો ઘઉં, 3 કિલો ચોખા, 1 કિલો ખાંડ અને 1 કિલો દાળ વિનામૂલ્યે આપવામાં આવશે. સરકારના આ નિર્ણયથી લોકડાઉન દરમિયાન ગુજરાતના 61 લાખ મધ્યમવર્ગીય પરિવારોને રાહત થશે.

## ભારત

### ➤ ભારતમાં બેન્ક કર્મચારીઓ આગામી 6 મહિના સુધી હડતાલ નહિ કરી શકે

ભારતમાં કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલય દ્વારા 21 ઓક્ટોબર, 2020 સુધી બેન્કિંગ ઉદ્યોગને 'જાહેર ઉપયોગી સેવા' જાહેર કરવામાં આવી છે. આથી, આગામી 6 મહિના સુધી બેન્ક કર્મચારીઓ હડતાલ પર ઉતરી શકશે નહિ. કેન્દ્ર સરકારે 'ઔદ્યોગિક વિવાદ એક્ટ, 1947' અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈને આધારે આ નિર્ણય કર્યો છે.

### ➤ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ કોરોના ટેબ્લેટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ કંપની બની

તાજેતરમાં ભારતમાં મુંબઈ ખાતે આવેલી ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ નામની કંપનીને કોરોના ટેબ્લેટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી મળી ગઈ છે. ભારતના 'ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)' દ્વારા આ કંપનીને આ મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ કોરોના ટેબ્લેટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ કંપની બની ગઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ દિલ્હીના પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી આર. વી. સ્મિથનું નિધન

દિલ્હીના પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી રોનાલ્ડ વિવિયન સ્મિથનું 83 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 1938માં ઉત્તરપ્રદેશના આગ્રામાં થયો હતો. તેમણે દિલ્હીમાં પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (PTI) અને 'ધ સ્ટેટ્સમેન' નામના ન્યૂઝપેપર સાથે પણ કાર્ય કર્યું હતું. તેમના પ્રસિદ્ધ પુસ્તકોમાં 'The Delhi That No One Knows' અને 'Delhi :Unknown Tales of a City'નો સમાવેશ થાય છે.



## વિશ્વ

### ➤ સાઉદી અરેબિયામાંથી હવે કોરડા ફટકારવાની સજા નાબૂદ

સાઉદી અરેબિયામાંથી કોરડા ફટકારવાની સજાની જોગવાઈ નાબૂદ કરવામાં આવી છે. આથી, હવે સાઉદી અરેબિયામાં કોર્ટ કોરડા ફટકારવાની સજા કરશે નહિ. માનવ અધિકાર મુદ્દે ખરડાયેલી છબી સુધારવા માટે અગ્રણી ચળવળકાર શ્રી અબ્દુલ્લાહ અલ હામિદના મૃત્યુ બાદ સાઉદી અરેબિયાએ આ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સાઉદી અરેબિયા દ્વારા સગીર વયની વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા કોઈ ગુના માટે મૃત્યુદંડની સજા પણ નાબૂદ કરવામાં આવી છે. આથી, હવે સાઉદી અરેબિયામાં સગીરોને મૃત્યુદંડની સજા આપી શકાશે નહિ.

### ➤ ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકાનો GDP વૃદ્ધિ દર ઘટીને માઈનસ 4.8 ટકા રહ્યો

ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરીથી માર્ચ 2020 દરમિયાન અમેરિકાનો આર્થિક વૃદ્ધિ દર ઘટીને માઈનસ 4.8 ટકા થઈ ગયો છે. જે અમેરિકાના GDP વૃદ્ધિ દરમાં છેલ્લા દસ વર્ષમાં થયેલો સૌથી મોટો ઘટાડો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ UFOના વીડિયોને પેન્ટાગોનની માન્યતા

અમેરિકન નેવીના પાયલટે પરગ્રહવાસીની પૃથ્વીની મુલાકાતના, તેમના યાનના વર્ષ 2004 અને 2015માં વીડિયો તૈયાર કર્યા હતા. આ વીડિયોને સત્તાવાર સમર્થન મળ્યું ન હતું. પરંતુ હવે અમેરિકાના સંરક્ષણ વિભાગના વડામથક પેન્ટાગોને આ વીડિયોને સત્તાવાર સમર્થન આપીને આવા 3 વીડિયો જારી કર્યા છે. કોઈ એલિયનનું પૃથ્વીની મુલાકાતે આવેલું યાન કે પછી અજાણ્યા અવકાશી પદાર્થોને UFO તરીકે ઓળખવામાં આવે છે. UFOનું પૂરું નામ Unidentified Flying Object છે.

### ➤ OECDમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે ભારતીય મૂળના સુશ્રી મનીષા સિંહાની નિમણૂક

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે OECDમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે ભારતીય મૂળના સુશ્રી મનીષા સિંહાની નિમણૂક કરી છે. OECD એ 36 દેશોનું એક સંગઠન છે. તેની સ્થાપના 1960માં થઈ હતી. તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે. OECDનું પૂરું નામ Organization for Economic Co-operation and Development છે.

ICE ? Questions

- ગુજરાતમાં APL કાર્ડ ધારકોને મે માસમાં પરિવાર દીઠ 1 કિલો ખાંડ, 1 કિલો દાળ અને 3 કિલો ચોખા તેમજ કેટલા કિલો ઘઉં ફ્રી આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ? – 10 કિલો
- ભારતમાં કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલય દ્વારા બેન્કિંગ ઉદ્યોગને કયાં સુધી 'જાહેર ઉપયોગી સેવા' જાહેર કરવામાં આવી છે ? – 21 ઓક્ટોબર, 2020
- ભારતમાં કેન્દ્ર સરકારે કયા એકટ અંતર્ગત બેન્કિંગ ઉદ્યોગને 21 ઓકટોબર, 2020 સુધી આવશ્યક સેવા જાહેર કરી છે ? – ઔદ્યોગિક વિવાદ એકટ, 1947
- કોરોના ટેબ્લેટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ કંપની કઈ છે ? – ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ, મુંબઈ
- શ્રી આર. વી. સ્મિથ અથવા તો શ્રી રોનાલ્ડ વિવિયન સ્મિથનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ઈતિહાસ–લેખન
- 'Delhi : Unknown Tales of a City' પુસ્તકના લેખક કોણ છે ? – શ્રી આર. વી. સ્મિથ
- કયા દેશમાંથી કોરડા ફટકારવાની સજા નાબૂદ કરવામાં આવી છે ? – સાઉદી અરેબિયા
- તાજેતરમાં કયા દેશે સગીર વયની વ્યક્તિઓ માટે વિવિધ ગુના બદલ મૃત્યુદંડની સજા નાબૂદ કરી છે ? – સાઉદી અરેબિયા
- સાઉદી અરેબિયા દ્વારા કઈ વ્યક્તિઓ માટે મૃત્યુદંડની સજા નાબૂદ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – સગીર વયની વ્યક્તિઓ
- ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરીથી માર્ચ 2020 દરમિયાન અમેરિકાનો GDP વૃદ્ધિ દર ઘટીને કેટલા ટકા થઈ ગયો છે ? – માઈનસ 4.8 ટકા
- અમેરિકાના સંરક્ષણ વિભાગના કયા વડામથકે UFOના ત્રણ વીડિયો જારી કર્યા છે ? – પેન્ટાગોન
- UFOનું પૂરું નામ શું છે ? – Unidentified Flying Object
- ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)માં અમેરિકાના નવા દૂત તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી મનિષા સિંહા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. **કોરોના મહામારીનો સામનો કરવા માટે નાણાં એકઠા કરવા ભારતના કયા રાજ્યની સરકારે 5 મહિનામાં 5 હપ્તામાં સરકારી કર્મચારીઓનો 1 મહિનાનો પગાર કાપવાનો નિર્ણય કર્યો છે ?**

**– કેરળ**

**(કેરળમાં આગામી 5 મહિના સુધી દર મહિને 6 દિવસનો પગાર કાપવામાં આવશે.)**

2. **યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચર્નોબિલ આપત્તિ સ્મૃતિ દિવસ' (International Chernobyl Disaster Remembrance Day) તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?**

**– 26 એપ્રિલ**

**(26 એપ્રિલ, 1986ના રોજ યૂક્રેનના ચર્નોબિલ ખાતે ઘટેલી પરમાણુ દુર્ઘટનાની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.)**

3. **ભારતમાં 'અખાત્રીજ' અથવા તો 'અક્ષય તૃતીયા' તરીકે કયો દિવસ ઉજવાય છે ?**

**– વૈશાખ સુદ ત્રીજ**

4. **એપ્રિલ 2020 દરમિયાન ગુજરાતના કયા બંદરેથી અરબ દેશોમાં થતી ઘેટાં બકરાંની નિકાસ પર સરકારે પ્રતિબંધ મૂકયો છે ?** **– તુણા બંદર, કચ્છ**

5. **તાજેતરમાં ભારતમાં IIT બોમ્બે, NIT શ્રીનગર, ઈસ્લામિક યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (IUST) અવંતીપોરા તેમજ પુલવામા અને જમ્મુ કાશ્મીરના એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓની એક ટીમે વિકસાવેલા ખૂબ જ સસ્તા વેન્ટીલેટરને શું નામ આપવામાં આવ્યું છે ?**

**– રુહદાર (RUHDAAR)**

6. **ભારતમાં PM-KISAN યોજનાનો લાભ લેવા માટે આસામ, મેઘાલય, જમ્મુ કાશ્મીર અને લદાખમાં આધાર સિડિંગ માટે 31 માર્ચ 2020 સુધીની મુદત આપવામાં આવી હતી...આ મુદત હવે વધારીને કયાં સુધી કરવામાં આવી છે ?** **– 31 માર્ચ, 2021**

**(કોઈ લાભાર્થી વ્યક્તિના આધાર નંબરને સરકારી સેવા વિતરણના ડેટાબેઝમાં સામેલ કરવાની પ્રક્રિયા 'આધાર સિડિંગ' તરીકે ઓળખાય છે.)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. અમેરિકાની અવકાશ સંસ્થા 'નાસા' દ્વારા COVID-19ના દર્દીઓના ઈલાજ માટે વિકસાવવામાં આવેલા હાઈ પ્રેશર વેન્ટીલેટરને શું નામ આપવામાં આવ્યું છે ?
– વાઈટલ (VITAL)
(VITALનું પૂરું નામ Ventilator Intervention Technology Accessible Locally છે.)
8. તાજેતરમાં ચર્ચામાં રહેલ દેહિંગ પટકાઈ વન્યજીવ અભયારણ્ય (Dehing Patkai Wildlife Sanctuary) ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – આસામ
(તાજેતરમાં ભારતના National Board for Wild Life-NBWLએ આસામના આ અભયારણ્યમાં કોલસાના ખોદકામ માટે ભલામણ કરી છે. તેથી તે હાલ ચર્ચામાં છે.)
9. વિશ્વભરમાં રોકાણ કરવા માટે જાણીતી જાપાનની કઈ નાણાકીય સંસ્થાએ ભારતીય સ્ટાર્ટ અપમાં 13 અબજ ડોલરનું રોકાણ કરવાનો નિર્ણય કર્યો છે ? – સોફ્ટબેન્ક
10. લોકડાઉન બાદ અર્થતંત્રને બેઠું કરવા માટે ભારતના કયા રાજ્યની સરકારે ભારતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહન સિંહની સલાહ લેવાનો નિર્ણય કર્યો છે ?
– પંજાબ
11. તાજેતરમાં આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતની કઈ કંપની સપ્ટેમ્બર–ઓક્ટોબર 2020 સુધીમાં કોરોનાની રસી (વેક્સિન) બજારમાં ઉપલબ્ધ કરાવી દે તેવી સંભાવના છે ?
– સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા, પૂણે
(આ કંપની વિશ્વમાં સૌથી વધુ પ્રમાણમાં વેક્સિન અને તેના ડોઝ તૈયાર કરે છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે મળીને આ કંપની કોરોનાની વેક્સિન તૈયાર કરી રહી છે.)
12. ભારતના કયા ઈન્ટરનેશનલ એરપોર્ટે પોતાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત 'દેવનહલ્લી પોમેલો' અથવા તો 'ચકોટા'ના 500 વૃક્ષો વાવવાનો નિર્ણય કર્યો છે ?
– બેંગલોર ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ
(ચકોટાની ખેતી મુખ્યત્વે કર્ણાટકના દેવનહલ્લી અને ડોડ્ડાબલ્લાપુર ક્ષેત્રોમાં થાય છે.)
13. ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન 'ગૂગલ પે' ઈન્ડિયાના સલાહકાર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી શિખા શર્મા (AXIS Bankના પૂર્વ CEO)
14. ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરીથી માર્ચ 2020 દરમિયાન યુરોપના અર્થતંત્રમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 3.8 ટકા
(1995 બાદનો આ સૌથી વધુ ઘટાડો છે.)
15. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર COVID-19થી મૃત્યુના કિસ્સામાં ભારતના તમામ મોટા બંદરોના કર્મચારીઓ અને શ્રમિકોને કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ? – રૂ. 50 લાખ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. તાજેતરમાં ચર્ચામાં રહેલી એટાલિન જળવિદ્યુત યોજનાનો સંબંધ ભારતના કયા રાજ્ય સાથે છે ? – અરૂણાચલ પ્રદેશ

(ભારતમાં અરૂણાચલ પ્રદેશના દિબાંગ ઘાટીમાં સૂચિત 3097 મેગાવોટની આ એટાલિન જળવિદ્યુત યોજનાને કારણે 2,70,000 જેટલા વૃક્ષો કપાઈ જવાની સંભાવના છે. આથી, આ અંગે થયેલા વિરોધને કારણે આ યોજના હાલ ચર્ચામાં છે.)

17. ભારતમાં ખાસ કરીને કર્ણાટક અને મહારાષ્ટ્રમાં 'બસવ જયંતી' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 26 એપ્રિલ

18. 26 એપ્રિલ 2020ના રોજ 'બસવ જયંતી' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બસવેશ્વરને શ્રદ્ધાંજલી આપી હતી...ભગવાન બસવેશ્વરનો જન્મ કયાં થયો હતો ? – કર્ણાટક

19. 24 એપ્રિલ 2020ને 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ના રોજ પ્રાયોગિક ધોરણે ભારતના કેટલા રાજ્યોમાં 'સ્વામિત્વ યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – 6

(આ 6 રાજ્યોમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા અને કર્ણાટકનો સમાવેશ થાય છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

20. તાજેતરમાં કઈ યુનિવર્સિટી દ્વારા કોરોનાની રસીનું ચિમ્પાન્ઝી પર સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – ઓકસફોર્ડ યુનિવર્સિટી, બ્રિટન

(ચિમ્પાન્ઝીમાં જોવા મળતા એડિનો વાઈરસનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલી આ રસી સપ્ટેમ્બર સુધીમાં ઉપલબ્ધ થઈ જાય તેવી શકયતા છે.)

21. 29 એપ્રિલ, 2020ના રોજ સુપ્રીમ કોર્ટે આપેલા એક નોંધપાત્ર ચુકાદામાં જણાવ્યા અનુસાર ભારતમાં મેડિકલ કોલેજોમાં એડમિશન માટે કઈ એકઝામ...એકમાત્ર એન્ટ્રન્સ એકઝામ હોવી જોઈએ ? – NEET

(જસ્ટિસ અરુણ મિશ્રાના નેતૃત્વ હેઠળની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. આ માટે લઘુમતી સંસ્થાનો, ડિમ્ડ યુનિવર્સિટીઓ અને પ્રાઈવેટ કોલેજો માટે અલગ વ્યવસ્થા ન કરી શકાય.)

22. આસામના મુખ્યમંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે COVID-19થી મૃત્યુના કિસ્સામાં આસામમાં પત્રકારો માટે કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી છે ? – રૂ. 50 લાખ

(આવી જાહેરાત કરનાર હરિયાણા ભારતનું પ્રથમ રાજ્ય છે. આ અગાઉ હરિયાણામાં COVID-19થી મૃત્યુના કિસ્સામાં પત્રકારોને રૂ. 10 લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.)

23. ઓસ્ટ્રેલિયાના Institute For Economics and Peace (IEP) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'Global Terrorism Index, 2019'માં ભારત કયા ક્રમે છે ? – 7મા
(તાજેતરમાં ભારતના નીતિ આયોગ દ્વારા IEP દ્વારા પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસનો વિરોધ કરવામાં આવ્યો છે. કેમ કે, આ ઈન્ડેકસમાં વિશ્વના સંઘર્ષયુક્ત દેશો કાંગો, સુદાન, દક્ષિણ સુદાન, લેબેનોન, બુર્કિના ફાસો વગેરેથી ભારતનો ક્રમ ઉપર રાખવામાં આવ્યો છે.)

24. લોકડાઉન 3.0 દરમિયાન ભારતમાં કેટલા દિવસથી કોરોના સંક્રમણનો એક પણ કેસ ન નોંધાયો હોય તેવા જિલ્લાઓને ગ્રીન ઝોન જાહેર કરવામાં આવ્યા છે ? – 21 દિવસ
(આ સમય મર્યાદા અગાઉ 28 દિવસની હતી, જેને કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે ઘટાડીને હવે 21 દિવસ કરી છે.)

25. લોકડાઉન દરમિયાન ભારતના વિવિધ રાજ્યોમાં ફસાયેલા લાખો પરપ્રાંતીય મજૂરોના સ્થળાંતર માટે 1 મે 2020ને શ્રમિક દિવસના રોજ કેન્દ્ર સરકારે કઈ ટ્રેનો દોડાવવાનો નિર્ણય કર્યો છે ? – શ્રમિક સ્પેશિયલ ટ્રેન

26. કોરોના મહામારી દરમિયાન ભારતમાં 1 દિવસ માટે જનતા કરફ્યૂ ક્યારે રાખવામાં આવ્યો હતો ? – 22 માર્ચ 2020

27. કોરોના મહામારી દરમિયાન ભારતમાં પ્રથમ લોકડાઉન કેટલા દિવસનું હતું ? – 21 દિવસ
(25 માર્ચથી 14 એપ્રિલ 2020 દરમિયાન)

28. કોરોના મહામારી દરમિયાન ભારતમાં બીજું લોકડાઉન કેટલા દિવસ માટે લાદવામાં આવ્યું હતું ? – 19 દિવસ
(15 એપ્રિલથી 3 મે 2020 દરમિયાન)

29. કોરોના મહામારી દરમિયાન ભારતમાં ત્રીજું લોકડાઉન કેટલા દિવસ માટે લાદવામાં આવ્યું છે ? – 14 દિવસ
(4 મેથી 17 મે 2020 દરમિયાન)

30. લોકડાઉન 3.0 દરમિયાન ભારતના જિલ્લાઓને કયા ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યા છે ?
– ગ્રીન, ઓરેન્જ, રેડ

31. WHOના જણાવ્યા અનુસાર આલ્કોહોલ બેઈઝ હેન્ડ સેનેટાઈઝરમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલા ટકા હોય તો જ તે અસરકારક રીતે કામ કરીને વાઈરસનો નાશ કરવામાં મદદરૂપ થાય છે ? – 60થી 95 ટકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. ભારતમાં ચૂંટણી પંચે કયા રાજ્યમાં વિધાન પરિષદની 9 સીટ માટે 21 મે 2020ના રોજ ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે ? – મહારાષ્ટ્ર

33. સૌપ્રથમ બ્રિટન બાદ કયા દેશના વડાપ્રધાનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે ? –રશિયા

(સૌપ્રથમ બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ રશિયાના વડાપ્રધાન શ્રી મિખાઈલ મિશુસ્તિનનો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો છે.)

34. 'કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી'ને ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત લાવવામાં આવી છે ? – જળ શકિત મંત્રાલય

(આ અગાઉ તે ભારત સરકારના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી હતી. તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને પુડુચેરી વચ્ચે કાવેરી જળ વિવાદના સમાધાન માટે ભારતમાં કેન્દ્ર સરકારે 1 જૂન, 2018ના રોજ 'કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી'ની રચના કરી હતી.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

35. ભારતમાં 'નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન' (NCSTC) દ્વારા COVID-19 અંગે જાગૃતિ ફેલાવવા માટે કયો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ? – યશ

(YASHનું પૂરું નામ Year of Awareness on Science and Health છે.)

36. ભારતમાં કયા ઉદ્યોગ માટે વિવિધ મંજૂરીઓ મેળવવામાં સહાયતા થાય તે માટે કેન્દ્ર સરકારે 'પ્રોજેક્ટ મોનિટરિંગ યુનિટ' (PMU)નો પ્રારંભ કર્યો છે ? – કોલસા ઉદ્યોગ

37. ભારતમાં RBI દ્વારા તાજેતરમાં SLF-MF યોજના અંતર્ગત રૂ. 50,000 કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.... SLF-MFમાં MFનો અર્થ શું થાય છે ? – મ્યુચ્યુઅલ ફંડ

(SLF-MFનું પૂરું નામ Special Liquidity Facility for Mutual Funds છે.)

38. શ્રી ટી. એસ. તિરુમૂર્તિની કઈ વૈશ્વિક સંસ્થામાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – સંયુક્ત રાષ્ટ્ર (UN)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT